ગુજરાત પ્રદેશ ભાજપા

તા.૦૬ ઓક્ટોબર ૨૦૨૬

-------

આવતીકાલે 7 ઓકટોબરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 25 વર્ષની અવિરત જનસેવા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા ગુજરાતના જિલ્લા- મહાનગરોમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવા જ્યોતિ કળશ યાત્રા' યોજાશે

-------

'સેવા જ્યોતિ કળશ યાત્રા' ના પ્રારંભ પૂર્વે સવારે 9:00 કલાકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરી 'વિકસિત ભારત @ 2047'ના નિર્માણ માટે સામૂહિક સંકલ્પ લેવડાવશે

-------

'સેવા જ્યોતિ કળશ યાત્રા' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

-------

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે 'સેવા જ્યોતિ કળશ યાત્રા'માં સહભાગી થશે

-------

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામ સ્થિત શ્રી વરદાયિની માતાજી મંદિર ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

-------

આ યાત્રામાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ નિર્ધારિત સ્થાનોએ ઉપસ્થિત રહેશે

-------

ગુજરાતના તમામ જિલ્લા તથા મહાનગરોમાં 'સેવા જ્યોતિ કળશ યાત્રા'ના પ્રસ્થાન સ્થળેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું લાઇવ પ્રસારણ કરવામાં આવશે

-------

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સંબોધન બાદ સ્થાનિક અગ્રણીશ્રીઓ દ્વારા સેવા જ્યોત પ્રજ્જવલન સાથે 'સેવા જ્યોતિ કળશ યાત્રા'નો પ્રારંભ થશે

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તથા દેશના પ્રધાનમંત્રી તરીકે 7 ઓક્ટોબરે જાહેરજીવનમાં અવિરત 25 વર્ષ

પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે સેવા અને સમર્પણની આ ઐતિહાસિક યાત્રા અંતર્ગત આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અન્વયે આવતીકાલે, 7 ઓક્ટોબરના રોજ ગુજરાત સહિત સમગ્ર દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની 25 વર્ષની અવિરત જનસેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની યાત્રા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા 'સેવા જ્યોતિ કળશ યાત્રા' યોજાશે.

ગુજરાતના તમામ જિલ્લા તથા મહાનગરોમાં 'સેવા જ્યોતિ કળશ યાત્રા'નું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત આવતીકાલે સવારે 9:00 કલાકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરશે અને 'વિકસિત ભારત @ 2047'ના નિર્માણ માટે સામૂહિક સંકલ્પ લેવડાવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સંબોધન પૂર્વે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજી પણ સંબોધન કરશે. ગુજરાતના તમામ જિલ્લા તથા મહાનગરોમાં 'સેવા જ્યોતિ કળશ યાત્રા'ના પ્રસ્થાન સ્થળેથી સંબોધનનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે.

'સેવા જ્યોતિ કળશ યાત્રા' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ ખાતે ગાંધી બ્રિજ અને નહેરૂ બ્રિજ વચ્ચે રિવરફ્રન્ટ હાઉસ પાસે પૂજ્ય પ્રમુખ સ્વામી માર્ગ- રિવરફ્રન્ટ રોડ ખાતે તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે નવી સિવિલ હોસ્પિટલ રોડ સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામ સ્થિત શ્રી વરદાયિની માતાજી મંદિર ખાતે કાર્યક્રમમાં સહભાગી થશે. પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી અનિરૂદ્ધભાઈ દવે રાજકોટ ખાતે, શ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટ સુરત ખાતે, શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ અમદાવાદ ખાતે તથા શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ વડોદરા ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સેવા જ્યોતિ કળશ યાત્રામાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ કાર્યકર્તાઓ તથા મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉત્સાહપૂર્વક જોડાશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સંબોધન બાદ સ્થાનિક અગ્રણીશ્રીઓ દ્વારા સેવા જ્યોત પ્રજ્જવલિત કરવામાં આવશે અને ત્યારબાદ 'સેવા જ્યોતિ કળશ યાત્રા'નો પ્રારંભ થશે. જનસેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની ભાવનાને જનજન સુધી પહોંચાડતી આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત